GJDH030005662019

રજુ તારીખ :૦૩/૦૫/૨૦૧૯
દાખલ તારીખ :૦૩/૦૫/૨૦૧૯
જજમેન્ટ તારીખ:૩૦/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૬–૧૦–૨૭

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179–A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – ૩૦/૦૩/૨૦૨૬

ક્રીમીનલ કેસ નંબર: ૪૮૮/૨૦૧૯

આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન. |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૯૮(૨) |
| તોહમતનામાં મુજબ તોહમત | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૯૮(૨) |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | (૧) સચિનભાઈ મોહનભાઈ ચૌધરી, ઉ.વ. ૨૨,<br>રહે. પ્રતાપગલી, રાનાપુર, જી.ઝાબુઆ, (એમ.પી.)<br>(૨) સંદીપભાઈ અર્જુનસીંગ નાયક, ઉવ.. ૨૦,<br>રહે. બોરાગલી, રાનાપુર, જી.ઝાબુઆ, (એમ.પી.) |

| | |
|---|---|
| | (૩) મેહુલકુમાર મનહરભાઈ રાઠવા, ઉ.વ ૨૧,<br>રહે. મોજે. ઘર નં.૦, નિશાળ ફ., બાપોટીયા, તા.કાલોલ, જી. પંચમહાલ. |
| આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી | કોઇ નહી |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૮/૧૦/૨૦૧૮ |
| ફરિયાદની તારીખ | ૦૮/૧૦/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૦૩/૦૫/૨૦૧૯ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | --- |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૯/૦૭/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સચિનભાઈ | -- | -- | ગુજરાત નશાબંધી | આરોપીને શંકાનો | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | મોહનભાઈ ચૌધરી | | | અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧,૯૮ (૨) | લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | | |
| ૨ | સંદીપ ભાઈ અર્જુનસીંગ નાયક, | -- | -- | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧,૯૮ (૨) | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૩ | મેહુલકુમાર મનહર ભાઈ રાઠવા | -- | -- | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧,૯૮ (૨) | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

## FORM–C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ – ભારતભાઈ હરીભાઈ પટેલની જુબાની | ૦૨ |
| ૨ | પંચ સાહેદ – ભોપતભાઈ સોમાભાઈ ડાયરા ની જુબાની | ૧૧ |
| ૩ | ફરીયાદી – અયુબભાઈ સીમોનભાઈ હઠીલાની જુબાની | ૦૬ |

| | | |
|---|---|---|
| ૪ | સાહેદ વિષ્ણુભાઈ પુનમભાઈ ચૌહાણ ની જુબાની. | ૧૦ |
| ૫. | આઈ.ઓ. બાબુભાઈ ભુદરભાઈ બારીઆ ની જુબાની. | ૧૨ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૩ |
| ૨ | ફરિયાદ | ૦૭ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્દામાલની વિગત

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

–:જજમેન્ટ :–

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૦૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક : ૧૧ –૩૦ વાગે મોજે. ભથવાડા ટોલનાકા મુકામે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી

કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાની મહીન્દ્રા એકસયુવી ફોર વ્હીલર ગાડી નં. જી.જે.૦૩.એફ.આર.૩૯૧૯ ની કિંમત રૂ.૫,૦૦,૦૦૦/- માં પરપ્રાંતિય ઈગ્લીશ દારૂની અલગ અલગ માર્કાની કવાર્ટર / બીયર નંગ – ૧૬૮૮, કિંમત રૂા. ૧,૮૬,૦૬૦/- નો પ્રોહી મુદ્દામાલ રાખી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનમાં આપતાં, દેવગઢ બારીઆ પ્રોહી. ગુના રજીસ્ટર નં. ૧૯૫/૨૦૧૮ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ-૬૫ઇ, ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

2. પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ-૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી. એકટની કલમ-૬૫ઇ, ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૦૪ અન્વયે સમન્સ કરતાં, આ કામના આરોપી હાજર ન રહેતા આરોપીને પકડ વોરંટ કાઢવામાં આવેલ, પરંતુ પકડ વોરંટ વગર બજે પરત આવેલ છે અને આરોપીના જામીનદારને પણ નોટીસ કરવા છતાં આરોપી કેસમાં જણાવેલ સરનામે રહેતા ન હોઈ, મળી આવેલ નહીં તેવા ઘણાં સમયથી શેરાઓ આરોપીના વોરંટ અને જામીનદારની નોટીસ ઉપર થઈ આવતાં હોઈ, આરોપી કેસની ટ્રાયલ દરમ્યાન હાજર રહેલ નથી કે જામીનદાર પણ આરોપીને હાજર રખાવી શકેલ નથી. હાલનો કેસ સને ૨૦૧૯ ની સાલનો એટલે કે લગભગ સાતેક વર્ષ ઉપરાંતનો જુનો હોવા છતાં, આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરી શકાયેલ નથી અને આરોપીની સતત ગેરહાજરીના કારણે કેસની ટ્રાયલ વિલંબમાં પડી રહેલ છે તથા આરોપીની ગેરહાજરીના કારણે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં વધારે સમય વ્યય થવાની પુરેપુરી શકવતા હોઈ, જેથી સદર કેસની કાર્યવાહી ત્વરાએ પુર્ણ થાય તે સદહેતુથી આ કામે સાક્ષીઓનો પુરાવો એકત્ર કરી તેનું સંરક્ષણ થઈ શકે તેવા હેતુથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આરોપીની ગેરહાજરીમાં આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો કિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે પુરાવા અંગે આંક-૦૧ નીચે તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવેલો અને તે અંગે કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે અને આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલો.

**3.** ત્યારબાદ સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દરસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થિત થાય છે.

**3.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૦૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક : ૧૧–૩૦ વાગે મોજે. ભથવાડા ટોલનાકા મુકામે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબજાની મહીન્દ્રા એકસયુવી ફોર વ્હીલર ગાડી નં. જી.જે.૦૩.એફ.આર.૩૯૧૯ ની કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– માં પરપ્રાંતિય ઈગ્લીશ દારૂની અલગ અલગ માર્કાની કવાર્ટર / બીયર નંગ – ૧૬૮૮, કિંમત રૂા. ૧ ,૮૬,૦૬૦/– નો પ્રોહી મુદ્ધામાલ રાખી પકડાઈ જઈ ગુનો કરી પ્રોહી એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**3.2.** શું અંતિમ હુકમ ?

**4.** ઉપરોકત મુદ્ધાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**4.1.** નકારમાં,

**4.2.** આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

**5.** મુદ્ધા નં. ૧ વિશે ચર્ચા :–

**5.1.** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>–: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–</u>

**5.2.** આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ ભારતભાઈ હરીભાઈ પટેલનાઓને આંક–૦૨ થી તથા બીજા પંચ સાહેદ ભોપતભાઈ સોમાભાઈ ડાયરા નાઓને આંક–૧૧ થી તપાસેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે આજથી આશરે સાત આઠ વર્ષ અગાઉ તે

દેવગઢ બારીઆ પો.સ્ટે.માં તેઓના કામ અર્થે ગયેલા ત્યારે એક પોલીસના માણસે તેઓને બોલાવી એક લખેલા કાગળ ઉપર સહિ કરવાનું કહેતાં તેઓએ સહિ કરી આપેલી. પંચનામુ કઈ બાબતનો હતો તે તેઓને ખબર નથી. તેમજ પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. જે પંચનામુ આંક–૦૩ થી રજુ છે. જે આંક–૦૩ ના પોલીસ રેઈડ દરમ્યાનના પંચનામાના પંચો છે, પરંતુ સદર પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે.

**5.3.** ફરિયાદ પક્ષે આ કામના ફરીયાદી અયુબભાઈ સીમોનભાઈ હઠીલા નાઓને આંક–૦૬ થી તપાસેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે તા.૦૮/૧૦/૧૮ ના રોજ તેઓ દે.બારીયા પો.સ્ટે.માં પો.કો. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સી.પો.સ.ઈ.શ્રી બી.જી.રાવલ નાઓને બાતમી મળેલ કે એક ફોર વ્હીલ એકસ.યુ.વી. ગાડી નં. જી.જે.૦૩.એફ.આર.૩૯૧૯ ની ગાડી દાહોદ તરફથી ટોલનાકા તરફ આવવાની છે. જે બાતમીના આધારે તેઓ તથા પો.સ્ટે. ના અન્ય માણસો વોચમાં રહેવા સુચના આપતા તેમની સાથેના એ.એસ.આઈ. બાબુભાઈ ભુદરભાઈ નાઓએ નજીકમાંથી બે પંચ માણસોને બોલાવેલા અને તેઓ બધા વોચમાં હતા તે દરમ્યાન બાતમીવાળુ વાહન આવતાં તેને રોકી સાઈડમાં ઉભુ રખાવી તેની પાછળ જોતાં તેની અંદર પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ ભરેલ જણાયેલ જેથી પંચો રૂબરૂ વાહન ચાલકનુ નામ પુછતા તેણે પોતાનુ નામ સંદિપ અર્જુનભાઈ નાયક,ઉ.વ. ૨૦, ધંધો : ડ્રાઈવીંગ, રહે. રાણાપુર, તા. રાણાપુર, જી. જાબુઆ, એમ.પી. નો હોવાનુ જણાવેલ અને સદર ઈસમની અંગ જડતી કરતાં તેના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ જેને તપાસઅર્થે કબજે લીધેલા અને ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલ ઈસમનુ નામ પુછતાં પોતાનુ નામ સચીન મોહન ચૌધરી, રહે. ગલીરાનાપુર, તા. બોરાગલી, જી. જાબુઆ, એમ.પી.નો હોવાનુ જણાવેલ અને તેની અંગ જડતી કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ જેને તપાસના કામે કબજે લીધેલ તથા એક સોનેરી કલરનુ બીજો ફોન મળી આવેલ જેને કબજે લીધેલ. સદર વાહનમાં પાછળ બેસેલ ઈસમનુ નામ પુછતાં પોતાનુ

નામ મેહુલભાઈ મનહરભાઈ રાઠવા, રહે. બાપોટીયા, નિશાળ ફ., તા.હાલોલ, જી. પંચમહાલ નો હોવાનુ જણાવેલ અને તેની અંગ જડતી કરતાં તેના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ. સદર ફોર વ્હીલ ગાડીને પંચો રૂબરૂ અંદર જોતાં તેના પાછળના ભાગેથી પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ – ૧૬૮૮, કિંમત રૂા. ૧,૮૬,૦૬૦/– નો પ્રોહી મુદ્દામાલ તેમની સાથેના એ.એસ.આઈ. શ્રી બાબુભાઈ ભુદરભાઈ નાઓએ  પંચનામુ કરી તમામ મુદ્દામાલ તપાસઅર્થે કબજે લીધેલો. ત્યારબાદ તેઓએ આરોપી વિરુધ્ધ પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. તેમને ફરીયાદ બતાવતાં તેમાં ફરીયાદી તરીકે તેમની સહી છે જેને તેઓએ ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આંક ૦૭ થી રજુ છુ. આમ, ફરિયાદીએ આંક–૦૭ ની ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર કામે આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ હુકમ થયેલ હોય સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**5.4.** ફરિયાદ પક્ષે આ કામે સાહેદ વિષ્ણુભાઈ પુનમભાઈ ચૌહાણ નાઓને આંક–૧૦ થી તપાસેલ છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે તા.૦૮/૧૦/૧૮ ના રોજ તેઓ દે.બારીયા પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સી.પો.સ.ઈ.શ્રી બી.જી.રાવલ નાઓને બાતમી મળેલ કે એક ફોર વ્હીલ એકસ.યુ.વી. ગાડી નં. જી.જે.૦૩.એફ.આર.૩૯૧૯ ની ગાડી દાહોદ તરફથી ટોલનાકા તરફ આવવાની છે. જે બાતમીના આધારે તેઓ તથા પો.સ્ટે. ના અન્ય માણસો વોચમાં રહેવા સુચના આપતા તેમની સાથેના એ.એસ.આઈ. બાબુભાઈ ભુદરભાઈ નાઓએ નજીકમાંથી બે પંચ માણસોને બોલાવેલા અને તેઓ બધા વોચમાં હતા તે દરમ્યાન બાતમીવાળુ વાહન આવતાં તેને રોકી સાઈડમાં ઉભુ રખાવી તેની પાછળ જોતાં તેની અંદર પરપ્રાંતિય ઈગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ ભરેલ જણાયેલ જેથી પંચો રૂબરૂ વાહન ચાલકનુ નામ પુછતા તેણે પોતાનુ નામ સંદિપ અર્જુનભાઈ નાયક,ઉ.વ. ૨૦, ધંધો : ડ્રાઈવીંગ, રહે. રાણાપુર, તા. રાણાપુર, જી. જાબુઆ, એમ.પી. નો હોવાનુ જણાવેલ અને સદર ઈસમની અંગ જડતી કરતાં તેના

ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ જેને તપાસઅર્થે કબજે લીધેલા અને ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલ ઈસમનુ નામ પુછતાં પોતાનુ નામ સચીન મોહન ચૌધરી, રહે. ગલીરાનાપુર, તા. બોરાગલી, જી. જાબુઆ, એમ.પી.નો હોવાનુ જણાવેલ અને તેની અંગ જડતી કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ જેને તપાસના કામે કબજે લીધેલ તથા એક સોનેરી કલરનુ બીજો ફોન મળી આવેલ જેને કબજે લીધેલ. સદર વાહનમાં પાછળ બેસેલ ઈસમનુ નામ પુછતાં પોતાનુ નામ મેહુલભાઈ મનહરભાઈ રાઠવા, રહે. બાપોટીયા, નિશાળ ફ., તા.હાલોલ, જી. પંચમહાલ નો હોવાનુ જણાવેલ અને તેની અંગ જડતી કરતાં તેના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ. સદર ફોર વ્હીલ ગાડીને પંચો રૂબરૂ અંદર જોતાં તેના પાછળના ભાગેથી પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ – ૧૬૮૮, કિમંત રૂા. ૧,૮૬,૦૬૦/– નો પ્રોહી મુદ્દામાલ તેમની સાથેના એ.એસ.આઈ. શ્રી બાબુભાઈ ભુદરભાઈ નાઓએ પંચનામુ કરી તમામ મુદ્દામાલ તપાસઅર્થે કબજે લીધેલો. ત.ક.અમલદારે તેમનો જવાબ લીધેલો. જયારે સદર કામે આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ હુકમ થયેલ હોય સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**5.5.** ફરિયાદ પક્ષે સદર કામે ત.ક.અ. બાબુભાઈ ભુદરભાઈ બારીઆ નાઓને આંક–૧૨ થી તપાસેલ છે. જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે સને – ૨૦૧૮ ની સાલમાં તેઓ પીપલોદ ઓ.પી.માં એ.એસ.આઈ. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૦૮/૧૦/૧૮ ના રોજ તેમના પો.સ્ટે. ના સી.પો.સ.ઈ. શ્રી બી.જી. રાવલ નાઓને બાતમી મળેલ કે એક ફોર વ્હીલ એકસ.યુ.વી. ગાડી નં. જી.જે.૦૩.એફ.આર. ૩૯૧૯ ની ગાડી દાહોદ તરફથી ટોલનાકા તરફ આવવાની છે. જે બાતમીના આધારે તેઓ તથા પો.સ્ટે. ના અન્ય માણસો વોચમાં રહેવા સુચના આપતા તેઓએ નજીકમાંથી બે પંચોના માણસો બોલાવેલા અને તેઓ બધા વોચમાં હતા તે દરમ્યાન બાતમીવાળુ વાહન આવતા તેને રોકી સાઈડમાં ઉભુ રખાવી તેની પાછળ જોતાં તેની અંદર પરપ્રાંતિય ઈગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ ભરેલ જણાયેલ જેથી પંચો રૂબરૂ

વાહન ચાલકનુ નામ પુછતાં તેણે પોતાનુ નામ સંદિપ અર્જુનભાઈ નાયક, ઉ.વ. ૨૦, ધંધો : ડ્રાઈવીંગ, રહે. રાણાપુર, તા.રાણાપુર, જી. જાબુઆ, એમ.પી. નો હોવાનુ જણાવેલ અને સદર ઈસમની અંગ જડતી કરતાં તેના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ જેને તપાસઅર્થે કબજે લીધેલા અને ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલ ઈસમનુ નામ પુછતા પોતાનુ નામ સચીન મોહન ચૌધરી, રહે. ગલીરાનાપુર, તા.બોરાગલી, જી. જાબુઆ, એમ.પી. નો હોવાનુ જણાવેલ અને તેની અંગ જડતી કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ જેને તપાસના કામે કબજે લીધેલ અને તથા એક સોનેરી કલરનો બીજો ફોન મળી આવેલ જેને કબજે લીધેલ. સદર વાહનમાં પાછળ બેસેલ ઈસમનુ નામ પુછતાં પોતાનુ નામ મેહુલભાઈ મનહરભાઈ રાઠવા, રહે. બાપોટીયા, નિશાળ ફ., તા.હાલોલ, જી. પંચમહાલ નો હોવાનુ જણાવેલ અને તેની અંગ જડતી કરતાં તેના ખીસ્સામાંથી એક મોબાઈલ મળી આવેલ. સદર ફોર વ્હીલ ગાડીને પંચો રૂબરૂ અંદર જોતાં તેના પાછળના ભાગેથી પરપ્રાંતિય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલો નંગ – ૧૬૮૮, કિંમત રૂા.૧,૮૬,૦૬૦/– નો પ્રોહી મુદ્દામાલ અં ગે તેઓને પંચનામુ કરી તમામ મુદ્દામાલ તપાસઅર્થે કબજે લીધેલો. જે પંચનામુ તેમને બતાવતાં તેમાં તેમની તથા પંચોની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ સદર કામની તપાસ તેમની તરફ આવતાં તેઓએ તપાસ સંભાળી લીધેલી અને તપાસના કામે આરોપીને અટક કરેલ અને નામ. કોર્ટમાં રજુ કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ પ્રોહી મુદ્દામાલને રવાનગી પત્રક ભરી એફ.એસ.એલ. ખાતે પૃથ્થકરણ સારૂ મોકલી આપેલ. ત્યારબાદ તેમની અન્યત્ર બદલી થતાં તેમના પછીની તપાસ સી.પો.સ.ઈ. શ્રી બી.જી. રાવલ નાઓએ સંભાળેલી અને તેઓએ આ કામ ચાર્જશીટ કરેલુ. શ્રી બી.જી. રાવલ નાઓ તેમના ઉપલી અધિકારી થતાં હોય તેઓની સહી તેઓ ઓળખે છે. આરોપી કોર્ટમાં હાજર નથી, હાજર હોય તો તેઓ ઓળખી શકે. ત્યારબાદ તેઓને કોર્ટ ધ્વાર કેટલાક સવાલ કરવામાં જેમાં સવાલ કરેલ કે આ ગુનાની આખી તપાસ તમે જ કરેલી છે કે અન્ય કોઈ

પણ બીજા તપાસ કરનાર અમલદાર દ્વારા કરવામાં આવેલી છે ? જેમાં તેઓએ જવાબ આપેલ કે આ ગુનાની આખી તપાસ મે જ કરેલી. માત્ર ચાર્જશીટ પી.એસ.આઈ. શ્રી બી.જી. રાવલ નાઓએ કરેલી. ત્યારબાદ તેઓને અન્ય સવાલ કરેલ કે તમોએ પકડાયેલ મુદ્દામાલના સેમ્પલ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. ખાતે મોકલેલા ? જેમાં તેઓએ જવાબ આપેલ કે હાજી. ત્યારબાદ તેઓને અન્ય સવાલ કરવામાં આવેલ કે તમોએ આ કામે એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. જેમાં તેઓએ જવાબ આપેલ કે આ કામે પડકાયેલ મુદ્દામાલના સેમ્પલ પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ. ખાતે મોકલવામાં આવેલ પરંતુ રીપોર્ટ આવેલ નથી. જયારે સદર કામે આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ મુજબ હુકમ થયેલ હોય સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**5.6.** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. પરંતુ આ કામે મુદ્ધામાલ કબજે કર્યાના પંચોને તપાસવામાં આવેલ છે, પરંતુ સદરહું પંચોએ ફરિયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી તથા આ કામે આરોપીની કોઈ અંગજડતી કરવામાં આવેલ હોય અને તે અંગે કોઈ પંચનામું કરવામાં આવેલ હોય તેવું પણ ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે, ત્યારબાદ ફરિયાદી તથા ત.ક.અ.ની જુબાની જોવામાં આવે તો આ કામના ફરિયાદી તથા ત.ક.અ. જેઓ રેડીંગ પાર્ટીના સભ્ય છે તથા તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ હોવાનું તેમની જુબાનીમાં જણાવે છે, પરંતુ હાલના ફરિયાદી રેડ કરવા તેમના પો.સ્ટે.થી કેટલાં વાગે નિકળેલા અને સદરહું રેડ કેટલાં વાગે કરેલી, તે અંગે કોઈ નકકર પુરાવો હાલના કામે રેકર્ડ ઉપર આવી શકેલ નથી. તેવા સંજોગોમાં ફરિયાદીની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**5.7.** In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION,** 1996 (0) **AIJEL–SC**25516 The Hon'ble Supreme Court held that,

*"15. When the judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court*

*should not be wasted for holding the trial only for the purpose of formally completing the pronouncing the conclusion on a future date."*

**6.** ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ, ૧૯૬૦ જી.એલ.આર. ૭૭** ના કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચોની હાજરી જરૂરી છે અને પંચસાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતા ના હોય તેમજ પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખીને સજા કરી શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહદો છે. તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને વંચાણે લેતાં બનાવવાળી જગ્યાએ જાહેર સરીયામ જગ્યા છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે, તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્બારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવાની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જ્યુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–:: આખરી હુ ક મ ::–</u>

1. આ કામના આરોપી **(૧) સચિનભાઈ મોહનભાઈ ચૌધરી, ઉ.વ. ૨૨, રહે. પ્રતાપગલી, રાનાપુર, જી.ઝાબુઆ, (એમ.પી.) (૨) સંદીપભાઈ અર્જુનસીંગ નાયક, ઉવ.. ૨૦, રહે.**

**બોરાગલી, રાનાપુર, જી.ઝાબુઆ, (એમ.પી.) (૩) મેહુલકુમાર મનહરભાઈ રાઠવા, ઉ.વ ૨૧, રહે. મોજે. ઘર નં.૦, નિશાળ ફ., બાપોટીયા, તા.કાલોલ, જી. પંચમહાલ. નાઓને** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૩૯ હેઠળ પ્રોહી. એકટની કલમ–૬૫ઈ, ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલના વાહન હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઇ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ ગાડીનો અપીલ સમય પત્યા બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઈમ ન હોય તો **નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઇ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી સંબંધીત પી.એસ.આઈ. શ્રીનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. આરોપીએ આપેલા જુના જામીન છ માસ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૩૦મી, માહે – માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૩૦/૦૩/૨૦૨૬**

**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**